# ગુજરાતી સાહિત્ય સરિતા

# Gujarati Sahitya Sarita


**અંક:** ૭

**તારીખ:** ૧૨/૧/૨૦૦૯

રજૂકર્તાઃ ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન

**વેબસાઈટ:** http://gujaratisahityasarita.org

# અનુક્રમણિકા


અનુક્રમણિકા ..... 2
ગુજરાતી સાહિત્ય સરિતાની નવેમ્બર મહીનાની બેઠકનો અહેવાલ ..... 3
માનવ અને મનુષ્ય - પ્રદીપ બ્રહ્મભટ્ટ ..... 4
કૃપા – ડો. ઇન્દુ શાહ ..... 6
“footprints in the sand” પર આધારિત રચના - દેવિકાબેન ધ્રુવ ..... 8
આભાર - પ્રવિણા કડકીયા ..... 10
સંબંધો –સરયુ પરીખ ..... 11
મારી શકુનું શું થશે?-વિજય શાહ ..... 12
“ભષ્ટાચાર” - ગીરિશ દેસાઇ ..... 15
આભાર –શૈલા મુન્શા ..... 16
જખમી જગત -મહમદ અલી પરમાર ‘સૂફી’ ..... 17
કુંભારનો ગધેડો... - વિશ્વદીપ બારડ ..... 18
ગુજરાતી સાહિત્ય સરિતા ની સર્જક ભૂમિને મારા લાખ લાખ વંદન.-વિજય શાહ ..... 19
ऐ मेरे वतन के लोगो - संकलन-रसिक मेघाणी ..... 21
ગુજરાતી ભાષાનો હો જય જયકાર -જય ગજ્જર ..... 22

# ગુજરાતી સાહિત્ય સરિતાની નવેમ્બર મહીનાની બેઠકનો અહેવાલ

આ વખતની બેઠક પ્રવિણા કડકીઆને ત્યા હતી. વિષય હતો "આભાર". ખૂબ સુંદર પ્રતિભાવ સાંપડ્યો. ઓસ્ટિનથી આવેલા આપણા સહુના ચહીતા **શ્રી.સરયૂબહેન પરીખે** સભાનું સંચાલન કર્યું હતું. સ્વ રચિત પ્રાર્થના દ્વારા શરુઆત કરી.તેમણે તેમના સચાલન દરમ્યાન બેથી ત્રણ કાવ્યો પ્રસ્તુત કરીને સહુને મુગ્ધ કર્યા.

**"ઝરમર કિશોરીની આંખે કાવ્ય,**

**દશકામા જીંદગીનું વિભાજન,**

**એક અશ્રુબિંદુ મારી પાઁપણની કોર પર ગીત લઈ આવ્યું."** જેવી કૃતિઓની રજુઆત કરી.

**વિજયભાઈ શાહે** પોતાની શૈલીમાં "આભાર પ્રભુનો, માતાપિતાનો, કુટુંબ અને મિત્રોનો. અને ખાસ કરીને 'ગુજરાતી સાહિત્ય સરિતા'નો માની સહુને લાગણીની ગંગામાં સ્નાન કરાવ્યું. તેમણે વધુમાં જણાવ્યું કે ગુજરાતી શબ્દ સ્પર્ધા નો વિકાસ સમજાવ્યો.સાથે સાથે અતુલભાઇએ સુચવ્યા મુજબ ગાંધી નિર્વાણ દિને સાહિત્ય સરિતાની( સીનીયર સ્પર્ધા) બેઠકમાં અને જૈન સેંટરમાં( બાળ સ્પર્ધા) ફેબ્રુઆરીમાં યોજાશે.

**શૈલા મુન્શા: "ન થાય આભાર વ્યક્ત બાહ્યાચારથી, નિકળે હૈયાના ઉંડાણ અને વર્તનથી"** સુંદર કાવ્ય રચનાની રજુઆત દ્વારા બધાને ખુશ કર્યા..

**ડો.ઇન્દુબહેન શાહ**: થેન્કસગિવિંગ ઉપર અલગ અલગ દેશો માં કેવી રીતે ઉજવાય છે તેની માહિતી આપી.

**સુમન અજમેરી: "પલ પલ તલસે, જત વણ લખ્યું તું વાંચજે,"** ખૂબ સુંદર કાવ્યનું પઠન કર્યુ અને **"ઢીલુ ઢીલું કાંઇ ઢીલુ ઢીલુ, ગોપિકાનું મોઢુ કાંઇ વીલુ વીલુ."** બંને કાવ્યની મજા શ્રોતા ગણે માણી.

**પ્રવિણા કડકીઆ**: **"આભારનો ભાર વેંઢારવો મુશ્કેલ છે, આભારનો ભાર સતાવે તો વેપાર છે."**આભાર, કોનો, ક્યારે અને કેમ માનવો તેના પર પ્રકાશ પાડ્યો.

**રસીક મેઘાણી:** તેમની અગવી અદામા પેશ કર્યું. "**ચહેરો તારો મનહર મનહર, અતિ મનહર, જત લખવું કે**"

**ધીરુભાઇ શાહ: "જેમ મોભને ગુંથવો પડે તેમ જીવન ગુંથવું પડે છે".**ની વાત અનુભવી

**કિરીટ મોદી**: **"કુછ ઇસ અદાસે યારને પૂછા મેરા મિજાજ"** ની સુંદર વાત લાવ્યા

**અશોકભાઇ પટેલ, વિનોદપટેલ, પદ્મકાંત ખંભાતી અને ડો ભગવાનદાસ ભાઇએ** પણ પ્રસંગને અનુરુપ વાતો કરી. આ સમયે **આદિલ મનસુરીની પુણ્યતીથી** નિમિત્તે સદગતને યાદ કર્યા.

**ભારતી દેસાઇ: "દરશન દ્યો ઘનશ્યામ"** ભજન દ્વારા સહુને ભક્તિભાવમા તરબોળ કર્યા. સહુ તેમા સાથ પૂરાવી ભક્તિભાવની ગંગામા વહ્યા.બેઠક્નાં અંતમાં રેખાબેન બારડે પ્રવિણાબેનનો આભાર માન્યો અને અલ્પાહાર કરી વિખરાયા.

# માનવ અને મનુષ્ય - પ્રદીપ બ્રહ્મભટ્ટ

માનવીનું જીવન સંઘર્ષથી ભરેલું છે. જો જીવનમાં સંઘર્ષ ન હોય તો તે જીવન નથી.કારણ સંઘર્ષ જ માનવને મનુષ્ય બનાવે છે. સંઘર્ષોનો સામનો કરતો આ માનવ ત્યારે જ મનુષ્ય બની શકે છે જ્યારે તે સંઘર્ષોનો સામનો કરતો આનંદીત જીવન જીવી તેમાંથી પાર નીકળે છે.જન્મ ધારણ થતાં માનવ પોતાના માથે જવાબદારીઓનો બોજ લઈને જ આવે છે. માનવીને માનવ તરીકે જીવન જીવવા માનવતા ભરેલા વર્તન સહિત સત્કર્મો કરવા તે તેનું કર્તવ્ય છે. મનુષ્ય સંઘર્ષમાં વણાયેલ છે. મનુષ્ય અને માયા એ જીવનરુપી રેલગાડીના પાટા છે, કારણ તે જ જન્મોજન્મના જીવનના પાયામાં છે.અને તેથી જ કોઇપણ મનુષ્ય કોઇપણ કામ કરવા પ્રેરાય છે તૈયાર થાય છે.

મનુષ્યના જીવનમાં નીચેના વિધાનને જો વણવામાં આવે તો તે પોતાના જીવનને ઉત્તમ રીતે જીવી શકે અને એવી રીતે જીવે કે જે બીજાને પણ ઉત્તમ રીતે જીવન જીવતા શીખવાડી શકે, પ્રેરી શકે જે આ વિધાનથી ખ્યાલ આવી જશે.

"**માનવીના જીવનમાં સદાચાર અને પરોપકારની ભાવના**" હંમેશા પ્રગતિકારક અને ઉત્તમ જીવન બનાવે છે. અક્ષરસહ ઉપરોક્ત વિધાનને જાણી લેતાં આદર્શ મનુષ્ય બનવામાં કોઈ આંચ આવતી નથી.જે નીચે દર્શાવેલ છે.

**મા**બાપને હંમેશા આદર્શ બનાવો.

**ન**ર્યો સ્વાર્થ ન જોતાં પરમાર્થ પણ કેળવો.

**વી**ચાર એવા કરો કે જેનાથી તમારું તથા બીજાનું પણ કલ્યાણ થાય.

**ના**મને દૂર રાખી પોતાના કામથી મહાન બનો.

**જીં**દગીમાં સારા કર્મો જ સાથે આવશે તે પ્રથમ જાણો.

**વ**ર્તન એવું કરો કે જે સૌ સ્વીકારવા પ્રયત્ન કરે.

**ન**જરથી હંમેશાં સારું અને સત્ય જોતાં શીખો.

**માં**ની મમતા અને પિતાનો પ્રેમ એ જીવનને નિર્મળ બનાવે છે.

**સ**દાય પ્રેમને સાથે રાખો આનંદ આવશે.

**દા**ન એતો જીવનનું ભાથું છે જે સમજીને કરવું.

**ચા**ર્તુયતા એમાં છે જે વિવાદને ત્યજી દે.

**ર**ખે આકાશ તુટી પડે સત્યને વળગી રહેવું.

**અ**વતાર એતો કર્મોની પોટાલી છે.

**ને**તર અને જીવન વાળો તેમ વળે તે નિર્વિવાદ છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

**પ**રમાત્માની એક નજર એ ભવોભવનો સંતોષ છે.

**રો**જ પોતાના જીવનદાતાને યાદ કરશો તો જીવન આર્દશ બનશે.

**પ**તંગ અને જીવન ક્યારે કપાય તે કોઇ જાણતું નથી.

**કા**તર જેવા ન બનતાં સોયના ગુણ ગ્રહણ કરવા પ્રયત્ન કરો.

**ર**ખેવાળ જેનો પરમાત્મા છે તેને બીજો કોઇ ભય નથી.

**ની**જ જીવન પરમાત્માને શરણે કરે તેનો ઉધ્ધાર અવશ્ય છે.

**ભા**ઈભાંડુ કર્મનું બંધન છે,સ્વીકારી લો.

**વ**ર્તન એ જીવનનો અરીસો છે.

**ના**મ સ્મરણ એ વર્તનને પવિત્ર બનાવે છે.

ઊપરોક્ત કથનને છણાવટથી જીવનમાં ઉતારતાં મનુષ્ય કર્મથી પણ ઉત્તમ જીવનજીવવા પાત્ર બને છે.અને તેના આત્મામાં જીવન જીવ્યાં કરતાં આત્માને પરમાત્માનો પ્રેમ ચીર શાંન્તિઅર્પે છે.અને તેથી જ તે આર્દશ મનુષ્ય બની શકે છે.**ભુલ કરવી એ માનવનો હક્ક હોય તો કરેલી ભુલને સુધારી લેવી ફરજ બને છે**. ભુલ ન કરનાર દેવ છે, સુધારનાર વીર છે. કરનાર માનવ છે અને છુપાવનાર અપરાધી છે.આ જગતનું સત્ય છે **મનુષ્યનું જીવન અને સંગીતની સરગમ એ બંન્ને સરખા છે.**

# કૃપા – ડો. ઇન્દુ શાહ



કૃપા કોની

હું આવી આ જગતમાં

કોઇ કર્માનુ જોગ

કોઇ કર્મફ્ળો ને પામવા

તો કોઇ કર્મના દેવા ચૂકવવા

કૃપા કોની

હું મોટી થઇ

માતા પિતા વડીલોની હુંફમાં

ભાઇ બેનોના પ્યારમાં

કૃપા કોની

ભણી ગણી સંસ્કાર પામી

સ્નેહ ગ્રંથીએ જોડાઇ

સંસાર સાગરે નાવ ઝુકાવી

કૃપા કોની

આ સંસારના તાણાવાણામાં

ડગમગતી નાવ સ્થીર કરવામા

સુંદર બે બાળઓના સર્વ વિકાસમાં

પૌત્રો પોત્રીઓ પામવામાં

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

કૃપા તારી

પરમકૃપાળુ પ્રભુ

હર ઘડી હરસમય વરસતી રહી

મુજ થકી જગ થકી

કૃપા તારી અગણીત

સાધનાના પથપર ચાલતા

પડી આખડી

ઉઠાવી તે ગળે લગાવી

બનાવી ભયહીન

ડરુ ન કદી દુન્વયી ભયોથી

વીભુ આજ

ત્યાગી સર્વ કપટ દંભ

સમર્પિત કરુ નત મસ્તકે

સર્વસ્વ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# “footprints in the sand” પર આધારિત રચના - દેવિકાબેન ધ્રુવ






વિશ્વાસ હતો  ને  હતી એક ખુમારી;
સાથે હતો ઇશ ને, કેડી યે સહેલી.

લીલાંછમ રસ્તા ને ઝુમતાં’તા વૃક્ષો,.
હવા યે શીતલ ને ઝુલતાં’તા ફૂલો.

અણજાણે જોશે ગતિ તેજ થાતી,
ના જાણે ક્યાં છેક મુજને લઇ જાતી.

વસ્તીથી દૂર એક સંધ્યાને ટાણે,
પહોંચાડી સૂક્કા રેતાળ રાહે…..

રળિયામણો પંથ ભેંકાર લાગ્યો.
એને વિસરતા  વિકટ માર્ગ લાગ્યો.

પાછું  વળી જોયું, કેવુ આ દ્રશ્ય !,
મારાં જ  પગલાં બે ? એના અદ્રશ્ય !!

શંકા-કુશંકાથી  આંસુ બે ટપક્યાં,
પ્રશ્નો ભીતરથી લાખો કૈં ઉમટ્યા.

ત્યાં આકાશવાણીના પડઘા સંભળાયા;
આકાશવાણીના પડઘા સંભળાયા………

દૂર દૂરથી ગેબી અવાજ કાને
“એ પગલાં છે મારાં ડરે તું શાને ?…

નીડર બનીને ડગલાં તું ભરજે,
શંકા નહિ પણ શ્રધ્ધા તું રાખજે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

એ હું જ છું ને તુજ સાથ છું હું,
એ હું જ છું ને તુજ સાથ છું હું.

તને ઝિલીને આગળ વધુ છું.. !!
ઉંચકીને હળવેથી પગલાં ભરું છું……"

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# આભાર - પ્રવિણા કડકીયા

આભાર શામાટે, કોનો, ક્યારે?

મનુષ્ય જીવન કાજે, સર્જનહારનો હરપળ.

કેવી રીતે. વાણી મધુરી અને સંવેદના ભર્યા વર્તન દ્વારા.

આંખોના પલકારાથી, મુખથી યા અંતરમાથી.

અરે, માત્ર આંખોનું મિલન પણ ઘણું કહી જય છે.

આભાર પછી તે સર્જનહાર હોય કે આપણી ચારે તરફ ફેલાયેલાં કુટુંબીજનો, મિત્ર મંડળ યા સમાજ. તેમા હારેલા 'યોધ્ધાની માફક પાછીપાની ન કરતા' ખુલ્લા દિલે તેનો એકરાર કરો. હા, બને તો ચાર પૈસા વાપરવામાં કંજૂસાઈ કરવી કિંતુ "આભાર' શબ્દને વાપરવામાં નહી.

આભારનો ભાર કરો હળવો

આભારનો ભાર ન લાગે તો નરવો

આભારનું ચિત્ર રુડું રળિયામણું

મનને મંદિરે દીસે હળવું

આભાર માન તું હે માનવી

જનમ અને કાયા પામ્યો અવનવી.

આ પૃથ્વી પર જન્મ મળ્યો, પરવરિશ પામ્યા.

કશું જ માંગવુ પડ્યું ન હતું. વણ માગ્યે અનહદ પામ્યા. યાદ રહે

"આભારનો ભાર વેંઢારવો મુશકેલ છે

આભારના ભાર તળે દબાવું આસાન છે.

આભારનો ભાર લાગે તો તે વેપાર છે.

આભારનો ભાર સતાવે તો વ્યવહાર છે.

આભાર, આનંદ અર્પે તો તે નિર્મળ પ્યાર છે."

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સંબંધો –સરયુ પરીખ



સહજ સાજ તૂટતા સંબંધોને તૂટવા દે
લાગણીની ગાંઠો સરી છુટે, તે છુટવા દે
ખેંચી તાણીને ફરી સાંધીને બાંધેલી
દંભી દોસ્તીની ઝાંય ઝાંખી, ભૂંસાવા દે

વહેતી નદી ને સદા તરતાં આ પાન જાય
બીજા ખરી, સાથ તરી, વહેણે વિખરાય જાય
બહુ રાખ્યે ના રે' તો વહેતા રે મૂકજે
થાયે તે સારુ, કહી દિલથી વિસારજે

ભવની ગાડીમાં ચડે, અણજાણ્યા આવશે
પ્રેમ સહિત બેસાડી ભવભાતુ આપજે
સંગ સંગ થોડી સફર, ઉતરે ત્યાં અલવિદા
અભિગમના ઓરતાં ના રાખજે

સગપણના જાળામાં ગુંગળાવી ગુંગળાવી
મસ્તાના મોરને ના મારજે
પ્રીતભર્યા પલકોના મોતીને વીણી વીણી
પરવાના તારથી પરોવજે

# મારી શકુનું શું થશે?-વિજય શાહ



મેઇલબોક્સમાંથી મેલનો થોકડો લઇને હરેશ ઘરમાં પેઠો.બાથરુમમાં ફ્રેશ થવા ગયો.અને,તેની પત્ની ચા બનાવવા રસોડામાં પેઠી.મેલનો થોકડો અને ચા લઇને એણે રીડીંગરુમમાં મૂક્યાં.ફ્રેશ થઇને તે ચા પીતાં પીતાં આજની મેલ જોવા લાગ્યો.અચાનક પેનથી લખાયેલ સરનામાવાળા એક મોટાં પરબીડીયા પર તેની નજર પડી.કૌતુકવશ તેણે તે ઉપાડ્યું.સામાન્ય અહીં મેલ ટાઇપ કરેલ સરનામા સાથે હોય છે.મોકલનારનું નામ જોઇ એનું આશ્ચર્ય વધી ગયું- નકુળ.અઠવાડિયામાં બે-ત્રણ વાર મળનાર એનો નિ:સંતાન મિત્ર.પણ,એ એને ફૉન કરી શકતો હતો કે રુબરુ વાત કરી શકતો હતો.આ પત્ર લખીને સસ્પેંસ ઉભું કરવાની શી જરુર હતી?એને થોડો ગભરાટ થયો.થોડી શંકાસહિત એણે પત્ર ખોલ્યો.

હરેશના સંબોધનથી શરુ થયેલ આ પત્રમાં,પોતાને શું સંબોધન કરવું તેનાથી શરુઆત થઇ.આજ સુધી તો આવી જરુર જ ન પડી હતી.એકબીજાને ગાળો દઇ,અને પછી ,શ્રીહરિ જેવાં શબ્દો બોલી મુલાકાત અને વિદાય થતી.આજે નકુળે પત્ર લખવાની શી જરુર પડી? શંકાના વાદળો ઘેરાં થતાં ચાલ્યા.અને પત્ર આગળ વંચાયો.

"एक दिन मीट जायेगा...."ની કડીઓ પુરી થઇ." મુરખ! એવા તો શું કામ કર્યા છે,કે દુનિયા તને યાદ રાખે. હા...હા...હા...આ વાંચતા રહસ્ય પરાકાષ્ઠાએ પહોંચ્યું.હરેશને લાગ્યું કે નકુળ એની સામે આવીને ઉભો છે.

"પત્ર લખવાની શી જરુર હતી?ફૉન કર્યો હોત કે રુબરુ વાત કરતે ને?"

"કદાચ,મારી પાસે તારાં જેટલી હિંમત હોત!"

"ચાલ બસ હવે દિલીપકુમારની ઓલાદ,ડાયલોગ બંધ કર,કામની વાત કર."

"ફરીથી બોલ તો."

"હા,આ પત્ર તું વાંચતો હોઇશ ત્યારે,કદાચ હું ઑપરેશન ટેબલ પર મૃત્યુ સાથે ઝઝૂમતો હઇશ."

એ વાત જરુર મેં મારાં મિત્રો અને સ્નેહીજનો થી છુપાવી છે કે,મને કેંસર છે.મરવાનું નક્કી છે.ઑપરેશન મૃત્યુને પાછળ ઠેલી શકે એમ છે.પરંતુ,એ ચાંસ ફીફટી ફીફટી છે.પહેલાં ફીફટી ફક્ત મૃત્યુ પાસે છે.અને,બાકીના ફીફટીમાં મારાં સત્કર્મો-જે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

નહીવત છે,મારાં કુટુંબી અને શકુની ભક્તિ,વડીલોના આશીર્વાદ,મિત્રોની દુઆ અને ડૉકટરની કુશળતા.તો જાહેર છે ને મૃત્યુ પાસે જીતવાના ચાંસ વધી જાય છે.અને....”

”ચાલ હવે,બહુ થયું.સાચી વાત બોલ.”

”મને ખબર હતી.મારું કોઇ સાચું માનશે જ નહી.હકીકતની જિંદગીમાં પણ નાટકો જ કર્યા છે ને...!”

“ના,હું તારો વિશ્વાસ કરું છું.પણ,આ બધું અચાનક કેવી રીતે...?આઇમીન કે ....ક્યારેય તને કે મને તારા વહેવારમાં કે રોજિંદા જીવનમાં...તું સમજે છે ને હું શું કહેવા માંગુ છું.”

”મને થોડી શંકા તો ગયેલી.એટલે,ડૉક્ટર પાસે ગયેલો પણ-ડૉકટરે ચેતવણી આપેલી પણ ખરી...તને ખબર છે ને અહીંના દવાના ખર્ચા.એટલે...”

“પણ ગાંડા,મને તો કહેવું હતું.”

”મને જાણ હતી એટલે જ મેં તને જણાવ્યું ન હતું.જો તું તો મિત્રોમાં ચંદન છે.ચંદનનો પૂજામાં ઉપયોગ થાય,ચિતામાં નહી ભલે ને પછી એ ચિતા નકુળની હોય....મને અત્યારે મારી ચિંતા નથી.મને ફક્ત એક જ વાત કોરી ખાય છે કે – મારા પછી મારી શકુનું શું થશે?”

હરેશ એક મિનીટ માટે બત્રીસ વરસ પહેલાના મુંબઇના તખ્તા પર પહોંચી ગયો. જ્યાં નકુળ ક.મા.મુંશીના માલવપતિ મુંજ ને જીવતો કરી દેખાડી રહ્યો હતો.’બેડીઓથી જકડાયેલો નકુળ પોતાના પહાડી અવાજથી”-તૈલપ,પૃથ્વીવલ્લભ બોલેલું ફરે તો પૃથ્વી રસાતળ જાય , આ તો જરા વિચાર આવી ગયો કે– લક્ષ્મી રાજાઓને ત્યાં જશે,કીર્તિ વીરોને જશે.પણ મારાં પછી બિચારી સરસ્વતીનું શું થશે?”

આજે નકુળ એ જ તો બોલી રહ્યો હતો-“મારી શકુનું શું થશે?”

ફરી એકવાર યુનિર્વસિટીની સામાજિક નાટક હરિફાઇમાં ટી.બી.ના રોગના દર્દીની ભૂમિકામાં,એ તખ્તા પર દેખાયો.કુટુંબ માટે પોતાના રોગની પરવા કર્યા વગર બે-ત્રણ પાળીમાં કામ કરી જાત ઘસી નાખતો,નકુળે આધૂનિક શ્રવણના પાત્રને જીવંત કરી દીધેલું.

જર્જરિત અવાજમાં સરકારી દવાખાનાના ખાટલા પર પડીને-“મને મોતની ચિંતા નથી.પણ, મારા ગયા પછી,મારા ઘરડાં માબાપનું શું?”

આજે નકુળ એ જ તો બોલી રહ્યો હતો-“મારી  શકુનું શું થશે?”

હરેશે પત્ર આગળ વાંચવો શરુ કર્યો.

શરુઆતના પત્રમાં નકુળની હિંમત વરતાતી હતી.અસાધારણ વ્યક્તિત્વ ધરાવતો આ માણસ આખીય જિંદગી સામાન્ય અને સાધારણ બનીને રહી ગયો તેનું દુ:ખ અને બળાપો ચોખ્ખો વરતાતો હતો.તે પોતાની જાતને હિંમત આપતો હતો.સઘન કોશિશો પછી પણ એને શબ્દોએ સાથ આપ્યો નથી એ હરેશને સાફ દેખાયું.મૃત્યુ કરતાં મૃત્યુનો ડર આટલો ભયાનક હશે તે તેને સમજાતું હતું.હરેશ નકુળને હિંમત આપવાના શબ્દો ખોળવા,ગોઠવવા માંડ્યો.અને,અચાનક,રાજ્ય નાટ્ય મહોત્વસના તખ્તા પર પોતે જિંદગીના કુરુક્ષેત્રમાં યુધ્ધથી પહેલાં હારી ગયેલાં,મનથી તુટી ગયેલાં માનવીની ભૂમિકા કરતો.અને, કૃષ્ણની જેમ હિંમત આપતો નકુળ- હરેશને ધ્યાનમાં આવ્યો.જિંદગીની ફિલોસોફી સમજાવતો.હરેશને હસવું આવી ગયું. કુદરત ખરેખર ફાંટાબાજ છે.ગઇકાલનો તખ્તો પાત્ર ફેરબદલી સાથે હકીકતમાં હરેશની સામે મૂછમાં હસી રહી હતી.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

પત્ર આગળ વંચાયો.

હકીકતની જિંદગીમાં હું શકુને મન,વચન કે કર્મથી ક્યારેય પણ વફાદાર રહ્યો નથી.અને, હું વફાદાર શા માટે રહું? કુદરતે વફાદારી તો ઘોડા અને કૂતરાને ઠાંસી ઠાંસીને ભરી આપી છે. અને,હું તો માણસ છું. તો,વફાદારીથી મને શું લાગેવળગે? અરે મને શું ,આખી માણસજાતને અરે! આપણે ઘોડા કે કૂતરા થોડા છીએ. શ્રીહરી શ્રી હરી....હું હંમેશા શકુની અંદર- તને ખબર નથીપણ, પેલી રંડીના નખરાંઓ શોધતો. ભોજનેષુ માતા....શયનેષુ રંભા  માતા અને ભગિની સુધી તો વાંધો આવ્યો નહી.પરંતુ,શ્લોકની પુર્ણતા શયનેષુ....માં હંમેશા હું અધુરો રહ્યો.કદાચ અમારા નિઃસંતાન હોવાનું આ પણ કારણ હોઇ શકે.હવે,અત્યારે મને વફાદારીનો અર્થ સમજાય છે એટલે જ.......

આજે નકુળ એ જ તો બોલી રહ્યો હતો-"મારી શકુનું શું થશે?"

જિંદગીને જેમ જવું હતું તેમ જવા દીધી, જે કરવું હતું તે કરવા દીધું.તોપણ, આજે બેવફાઇ કે દગો...ક્યારેક પણ શામાટે?નો પશ્ન તો મેં એને કર્યો નથી.એણે મને જેમ ફેરવ્યો તેમ હું ફર્યો.કરવું હતું શું,બનવું હતું શું અને,બનાવી દીધો શું. હંમેશા હનુમાન બનાવવાની કોશિશ કરી અને,એણે બનાવી દીધો વાંદરો....હા..હા..હા..હવે ફરિયાદ કોને અને શા માટે કરવી.અરે! સાંભળનાર તો કોઇ હોવો જોઇએ.

વિચારેલું કે કલમમાં તાકાત છે અને માંહ્યલામાં કલાકાર છે તો,તખ્તાઓ ગજવીશું. સો-સો પેઢી યાદ રાખે તેવું ઉત્તમ સાહિત્ય- નરસિંહ મહેતા ને મીરાંબાઇ જેવું, સર્જન કરીશું.અને સંતાડીને વેચવું પડે અને તેવી જ રીતે વાંચવું પડે તેવું માતૃભાષાનું અપમાન થાય તેવું-ગંદુ લખાણ લખવું પડ્યું. પેટ,સમાજ,કુટુંબ પણ આનો જ એક ભાગ ગણાવો જોઇએ.ભલે એ પાપમાં ભાગીદાર ન થતાં વાલિયો વાલ્મિકી થઇ જાય.પણ,હકીકત તો વાલ્મિકી જ વાલિયા થતાં હોય છે.ઉત્તમ પ્રણય કથાઓ લખી,વાંચકનું દિલ રડી ઉઠતું.પણ ના,એવું નહીલખવાનું. અશ્લીલતાની જો કોઇ મર્યાદા હોય તો તેને પેલે પારનો સ્ત્રી-પુરુષનો નાગોનાચ જ લખવાનો...,અને લખવો પડ્યો. જવાબદારીઓ હતી. સાલું...પગમાં સાંકળ નાખી કહે કે દોડ...આ બધામાં શકુ મારી સાથે રહી એ આજે મને ખબર પડે છે. હવે મને થાય છે કે મારા ગયા બાદ મારી શકુનુ શુ થશે?

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# “ભષ્ટાચાર” - ગીરિશ દેસાઇ

આંખો ફાડી તમે જુઓ જરા, ઓ ભારતના નર ને નાર
રાતદિવસ તમારી ચારેકોરે, ચાલી રહ્યો છે ભષ્ટાચાર.

લાંચરૂશ્વત ને દાદાગીરીથી, થઇ રહયાં છે લોકો ખુવાર
ગુંડાઓ આ દેશની માહેં, થઇ બેઠા છે ભરથાર.

કાયદા કાનૂન ભંગ કરવામાં,છે શિક્ષિતો પણ હોશિયાર
ઘરનો કચરો રસ્તામાં ફેંકે, ન લાજે,કરે ગંદકી પારાવાર.

ન ભણાવે કશું શિક્ષક શાળામાં, ટયુશનથી કમાયે ભારોભાર
લોભી આ શિક્ષકના શિક્ષણથી, કહો થશે પ્રજા કેવી તૈયાર ?

ભૂલ શોધી બીજાઓની, ટીકા કરવા છે સહુ તૈયાર
પણ હું શું કરૂં તો સુધરે ભાવિ,ન કરે એનો વિચાર.

કદી આવે જો મનની માંહે, ભાવિ તણો કાંઇ વિચાર
તો પણ ન મળે હિંમત હૈયામાં, કરવા તેનો આચાર.

ચાલશે નહીં કશું આપણું, માની સ્વીકારે પોતાની હાર
ને ગુંડાઓથી બચવા, તેમને પહેરાવે ગળામાં હાર.

ભાષણો ખૂબ ખૂબ સાંભળ્યા,કસી કમ્મર થઓ તૈયાર

તો જ ભાઇ થશે ભાવિમાં હે મા ભોમ તણો ઉધ્ધાર.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# આભાર –શૈલા મુન્શા

હૈયાની ઉદાસી મહીં
હોય જો સાથ સ્વજન કેરો,
જગતનિયંતા એથી વધુ ન હોય,
આભાર તુજ કૃપા તણો.

મિંચાતી આંખલડી રાત્રિના અંધકાર મહીં
ને રવિ કિરણો સંગ ખુલતી સ્વસ્થ તનમને,
એથી વધુ ન હોય જગતનિયંતા,
આભાર તુજ કૃપા તણો.

વૃક્ષ ઝુકાવી ડાળ આપે ફળ સહુને મધુરા
વહેતો સમીર ભરતો તાજગી રોમેરોમ
વહેતી નદી ન બાંધે કોઈ પાળ
સહુને પ્યાસ બુઝાવવાનો સમાન અધિકાર.

કુદરત કેરા શબ્દકોશમા
બસ આપ આપ ને આપ
ન કોઈ આશ ન કોઈ અપેક્ષા.

ન જાણે એક માનવી અટવાય
વ્યર્થ શબ્દ કેરી માયાજાળમા
ફક્ત બોલવાથી આભાર, નવ કોઈ અર્થ સરે.
નીકળે હૈયાના ઉંડાણથી ને વર્તને,
એજ સાચો આભાર.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# જખમી જગત -મહમદ અલી પરમાર 'સૂફી'

જે લડવા માટે તત્પર છે, હવે તે વીર લાગે છે
ભરી દે જગ તિરસ્કારોથી જે તે પીર લાગે છે

દયા ને પ્રેમની વાતો ઘણા છે જગમાં કરનારા
ધરમ ભયમાં છે કહીદો તો પસંદ રુધિર લાગે છે

પડેછે ચેન ક્યાં જો હોય છે હથિયાર હાથોમાં
નથી હથિયાર જેના હાથોમાં દિલગીર લાગે છે

જમાનો આ છે આતંકવાદનો, માનવતા વિસરેલો
હરેક મતભેદનો ઉપચાર હવે શમશીર લાગે છે

બુઝાવે આગ નફરતની હવે તે જ્ઞાન ક્યાં શોધું !
જગત નષ્ટ થાય તે આદેશો જ્યાં અકસીર લાગે છે

ખબર નિત એટલી છે ઘાટકીને ક્રૂર હત્યાની
વરસતાં આંસુ આંખોથી હવે તો નીર લાગે છે

સદાચારીને શોધું ક્યાં, જ્યાં અત્યાચારી દુનિયામાં
લગાવે લાશોના અંબાર, તે શૂરવીર લાગે છે

'સૂફી' લંગડાઈને ચાલી રહ્યું જખમી જગત આજે
પડેલી પગમાં પણ તારા મને જંજીર લાગે છે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# કુંભારનો ગધેડો... - વિશ્વદીપ બારડ



બિચારો થાક્યો પાક્યો ભો..ભો કરે,કોણ સાંભળે?
સવાર સાંજ એ વૈતર્યુ કર્યા કરે,કોણ સાંભળે?
“આ-ભાર” ઊચકી, ઊચકી થાકે,કોણ સાંભળે?
“આ-ભાર” નીચે ખાસો દબાયો,કોણ સાંભળે?

આ-ભાર ઉચકી ઘરડો થયો,કોણ સાંભળે?

પીઠ પર પડ્યા છે ચાઠા,કોણ સાંભળે?

પગ લથડ્યા, ચક્કર આવ્યા.કોણ સાંભળે?

ભો-પર પડ્યો..પ્રાણ છૂટ્યા,કોણ સાંભળે?

“આ-ભાર”, “આ-ભાર” કહેતા દબાયો!કોણ સાંભળે?

દટાઈ મર્યો ભાઈ..."આ-ભાર" નીચે...કોણ સાંભળે?

(બસ " આભાર “કહ્યુ એટલે આ ત્રણ અક્ષરમાં વ્યક્તિ એ કરેલા કામની કદર પુરી થાય..."આભાર" કહી એ વ્યક્તિને આ માનવ સમાજ ધણીવાર બસ ભુલીજ જાય છે..ઘણી વ્યક્તિ જીવનનો ભોગ આપી કુટુંબ, સમાજ, દેશ માટે કાર્ય કરે છે...ત્યારે માત્ર.."આ-ભાર' પુરતો છે ખરો?..કુભાર કોણ ?ને ગધેડો કોણ ? એ આપ વાંચક નક્કી કરો...)

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ગુજરાતી સાહિત્ય સરિતા ની સર્જક ભૂમિને મારા લાખ લાખ વંદન.-વિજય શાહ

**ટૂંકી નોંધ**

ગત વર્ષે મેં ઇ મેલ દ્વારા અને બે જુદી જુદી બેઠકમાં મારા વિચારો ગુજરાતી સાહિત્ય સરિતાને પ્રકાશન ક્ષેત્રે આગળ લાવી શકાય તે બાબતે ચર્ચા કરી હતી અને ધારણા રાખી હતી કે આપણે 2009 માં 8 જેટલા પુસ્તક પ્રસિધ્ધ કરી શકીયે છે . જે આપ સૌની જાણ માટે અત્રે લખુ છું

**અત્યાર સુધી પ્રસિધ્ધ થઇ ગયેલી કૃતિઓ**

આધ્યાત્મિક કાવ્યો - સ્વ મહમદ અલી પરમાર

શબ્દાયના (વિવેચન) - સુમન અજમેરી

પોત પડઘા અને પડછાયા (વાર્તા સગ્રહ) - સુમન અજમેરી

સુમન અજ્મેરી ના પ્રતિનિધિ શેરો (શેર સંગ્રહ) - સુમન અજમેરી

પરભોમ મા પાગર્યા ફુલ (વિદેશની ભાવાનુભુતિ) - સુમન અજમેરી

તન્મય તન્મય (ગીત સંગ્રહ) - સુમન અજમેરી

નેજવાં (અછાંદસ કાવ્યો) - સુમન અજમેરી

ઇબારત (ગઝલ સગ્રહ) - સુમન અજમેરી

રીયાઝ (ગઝલ સગ્રહ) - સુમન અજમેરી

**હાલ જે પ્રકાશનમાં છે**

શબ્દોને પાલવડે -દેવિકાબેન ધ્રુવ

ટહુકા એકાંતનાં ઓરડેથી ( પૂ મોટાભાઇ) -વિજય શાહ

નિવૃત્તિની પ્રવૃત્તિ - વિજય શાહ

ગુજરાતી શેર ની કક્કાવારી (6 પુસ્તકો) સુમન અજમેરી

મારી માવલડી ગુજરાત - ડો કમલેશ લુલ્લા

ભીની ભીની આંખે -ગઝલ સંગ્રહ -રસિક મેઘાણી

**સહિયારી રચનાઓ**

1 નિવૃતિ નિવાસ -નવલકથા જેમાં નવ થી વધુ લેખકોએ તેમને અપાયેલા મર્ગદર્શન પ્રમાણે સર્જન કર્યુ

2. લઘુ નવલકથા

બીના ચીડીયાકા બસેરા

સ્નેહનો ઉજાસ ( ફિક્કુ હાસ્ય)

મીઠા જળનું મીન ઉદધીમાં

મારી બકુનું શું ? (લખાઇ રહી છે)

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે. 

બચીબેન અને બાબુભાઇ અમેરિકાની સહેલગાહે (હાસ્ય લેખો-લખાઇ રહી છે)

3.પુષ્પ ગુચ્છ (સાહિત્ય સરિતાનાં કવિઓની ઉત્તમ રચનાઓનું સંકલન)-સુરેશ બક્ષી અને રસિક મેઘાણી

**આવનારા વર્ષોમાં પ્રસિધ્ધ થઇ તેવા સર્જનો અને સર્જકોની નોંધ**

ગંગોત્રી- સરયુબેન પરિખ

મનોકલ્પ-2- મનોજ મહેતા

હળવે હૈયે - ચિમન પટેલ

આશાદીપ -રમઝાન વિરાણી

Hemant's creation - હેમંત ગજરાવાલા

કાવ્ય સંગ્રહ -ધીરુભાઇ શાહ

ઇશાવાસ્યમ -ગીરીશ દેસાઇ

મન મનન અને માનસ - પ્રવિણા કડકીયા

વિચાર લહેરી- શૈલા મુનશા

વાર્તા સંગ્રહ-નવિન બેંકર

વાર્તા સંગ્રહ -કીરિટ ભક્તા

વાર્તા સંગ્રહ -વિશ્વદીપ બરાડ

પત્તાનો મહેલ -વિજય શાહ

આંસુડે ચિતર્યા ગગન-વિજય શાહ

ફરી પાછુ એ જ પ્રશ્નાર્થ ચિન્હ-વિજય શાહ

કાવ્ય સંગ્રહ-વિશાલ મોણપરા

કાવ્યસંગ્રહ- વિશ્વદીપ બારડ

દીપતળે ઉજાસ- પ્રદીપ બ્રહ્મભટ્ટ

કાવ્ય સંગ્રહ - વર્ષા શાહ

કાવ્ય સંગ્રહ- રસેશ દલાલ

કાવ્ય સંગ્રહ -અંબુભાઇ દેસાઇ

**નવા વેબ પેજ**

ઇન્દુની શબ્દ સુધા

ગુજરાતી સાહિત્ય સરિતા ની સર્જક ભૂમિને મારા લાખ લાખ વંદન.

મને કોઇકે વર્ષ 200૮ અને ૨૦૦૯ દરમ્યાન સાહિત્ય સરિતા એ બેઠકો સિવાય કશુ કર્યુ જ નહીં..ન સ્ટેજ શો થયો ન સાહિત્યકારોને બોલાવ્યા. નાં જવાબ તરીકે મનમાં સ્ફર્યુ તે લખ્યુ.

# ऐ मेरे वतन के लोगो - संकलन-रसिक मेघाणी

ऐ मेरे वतन के लोगो, तुम खूब कमा लो दौलत
दिन रात करो तुम मेहनत, मिले खूब शान और शौकत
पर मत भूलो सीमा पार अपनो ने हैं दाम चुकाए
कुछ याद उन्हे भी कर लो जिन्हे साथ न तुम ला पाए

ऐ मेरे वतन के लोगों, जरा आँख मे भर लो पानी
जो करीब नहीं हैं उनकी जरा याद करो कुरबानी

कोई सिख कोई जाट मराठा, कोई गुरखा कोई मदरासी
सरहद पार करने वाला हर कोई है एक एन आर आई
जिस माँ ने तुम को पाला वो माँ है हिन्दुस्तानी
जो करीब नहीं हैं उनकी जरा याद करो कुरबानी

जब बीमार हुई थी बच्ची या खतरे में पड़ी कमाई
दर दर दुआएँ मांगी, घड़ी घड़ी की थी दुहाई
मन्दिरों में गाए भजन जो सुने थे उनकी जबानी
जो करीब नहीं हैं उनकी जरा याद करो कुरबानी

उस काली रात अमावस जब देश में थी दीवाली
वो देख रहे थे रस्ता लिए साथ दीए की थाली
बुझ गये हैं सारे सपने रह गया है खारा पानी
जो करीब नहीं हैं उनकी जरा याद करो कुरबानी

न तो मिला तुम्हे वनवास ना ही हो तुम श्री राम
मिली हैं सारी खुशीयां मिले हैं ऐश-ओ-आराम
फ़िर भला क्यूं उनको दशरथ की गति है पानी
जो करीब नहीं हैं उनकी जरा याद करो कुरबानी

सींचा हमारा जीवन सब अपना खून बहा के
मजबूत किए ये कंधे सब अपना दाँव लगा के
जब विदा समय आया तो कह गए कि सब करते हैं
खुश रहना मेरे प्यारो अब हम तो दुआ करते हैं
क्या माँ है वो दीवानी क्या बाप है वो अभिमानी
जो करीब नहीं हैं उनकी जरा याद करो कुरबानी

तुम भूल न जाओ उनको इसलिए कही ये कहानी
जो करीब नहीं हैं उनकी जरा याद करो कुरबानी

# ગુજરાતી ભાષાનો હો જય જયકાર -જય ગજ્જર

કેનેડામાં વસતા ગુજરાતીઓ ખુશ થાઓ, આનંદો અને નાચો! સૌ કોઈ ગુજરાતીને ગૌરવ લેવા જેવા મહત્ત્વના સમાચાર તાજેતરમાં કેનેડિયન પ્રેસે સમાચાર રૂપે પ્રગટ કર્યા છે. આખરે કેનેડામાં ગુજરાતી ભાષાએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. કેનેડાના વેનકુવર શહેરમાં ફેબ્રુઆરી ૧૨, ૨૦૧૦થી શરૂ થનાર શિયાળુ ઓલમ્પિક રમતોનું પ્રસારણ દુનિયાની ૨૨ ભાષાઓમાં થશે.

આનંદ અને ગર્વની વાત એ છે કે આ ૨૨ ભાષાઓમાં આપણી ગરવી ગુજરાતી ભાષાને સ્થાન મળેલ છે. પ્રવકતા પેલેએ જણાવ્યું કે "જે ભાષાઓ કેનેડામાં વધુ બોલાય છે, જે ભાષામાં રમતોના અહેવાલો સાંભળવા લોકો ઉત્સુક હોય છે અને જે ભાષાના લોકો કેનેડામાં વધુ પ્રમાણમાં રેડિયો,ટેલિવિઝનમાં રસ દાખવે છે એ ભાષાઓ પસંદ કરવામાં આવી છે."

મિત્રો તમે સાચા ગુજરાતી હો, ગુજરાતી ભાષા પ્રત્યે અગાધ પ્રેમ હોય અને ગુજરાતી ભાષાનું ગૌરવ ધરાવતા હોવ તો સીબીસી રેડિયો અને ટેલિવિઝનને ફોન કે ઇમેઇલ કરી કે પત્ર લખી તમારા આનંદ અને ગર્વને પ્રગટ કરવાનું ચૂકશો નહિ. (http://www.cbc.ca/contact)

ગુજરાતી માટે હવે દરવાજા ખૂલી રહ્યા છે તો સૌ ગુજરાતી લોકો, સંસ્થાઓ, મંદિરો, વેપારીઓ, ગુજરાતી વર્તમાનપત્રો, સામયિકો, રેડિયો, વગેરે સૌ એક અવાજે સરકાર સુધી ગુજરાતી ભાષાના મહત્ત્વનો પડકાર ફેંકવા 'યા હોમ કરીને પડશે તો ફતેહ બહુ દૂર નહિ હોય! કેનેડામાં લાખો ગુજરાતીઓ આ દેશના ખૂણે ખૂણે વસેલા છે. દેશના અર્થતંત્ર, સમાજ, ધર્મ અને સંસ્કૃતિના વિકાસમાં ગુજરાતીનો ફાળો નોંધપાત્ર અને પ્રશંસનીય છે. ઉઠો, જાગો અને ધ્યેય પ્રપ્તિ સુધી મંડયા રહેવાની આ સુવર્ણ તક ઝીલી લેવાનું રખે ચૂકતા. ગુજરાતી નરસિંહની જ નહિ, નર્મદની જ નહિ, ગાંધીજીની જ નહિ વિશ્વને ખૂણે ખૂણે વસતા એકે એક ગુજરાતીની ગૌરવવંતી આ માતૃભાષા છે એ ન ભૂલતા!

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.